સંપ્રદાયનો સર્વાંગી વિકાસ કરતું શ્રી સ્વા. મંદિર - સરધારનું મુખપત્ર

# શ્રી સ્વામિનારાયણ ચિંતન

ઓગષ્ટ - ૨૦૧૦
બે વર્ષ લવાજમ રૂ.૧૯૦/-



જિંદગીમાં આજ પહેલીવાર અમે મનભર મળ્યાં,
જે હતા બહુ દૂર એમને નજીદીકથી મળ્યાં;
બસ, હવે આંખો મીંચાઈ જાય તો પરવા નથી,
ઝંખના જેની હતી જોવાની એ અવસર મળ્યો.

સર્વાવતારી ભગવાન શ્રી સ્વામિનારાયણના અપરસ્વરૂપો અમદાવાદ શ્રી નરનારાયણ દેવ પીઠાધિપતિ
પ.પૂ. ધ.ધુ. ૧૦૦૮ શ્રી આચાર્ય શ્રી કોશલેન્દ્રપ્રસાદજી મહારાજશ્રી અને વડતાલ
શ્રી લક્ષ્મીનારાયણ દેવ પીઠસ્થાનના પ.પૂ. ૧૦૮ શ્રી ધર્મકુળ મુગટમણિ લાલજી શ્રી નૃગેન્દ્રપ્રસાદજી મહારાજશ્રીનું

## અમદાવાદ શ્રી નરનારાયણ દેવના દિવ્ય સાંનિધ્યમાં ઐતિહાસિક અદ્વિતીય અદ્‌ભુત મિલન...!!!

તા. ૨૭-૭-૨૦૧૦, મંગળવાર













શ્રી રઘુવીરવાડી-વડતાલ ખાતે હજારો ભક્તસમુદાયની ઉપસ્થિતિમાં યોજાયેલ પ.પૂ. ધ.ધુ. ૧૦૦૮ શ્રી આચાર્ય શ્રી અજેન્દ્રપ્રસાદજી મહારાજશ્રીના ચરણારવિંદમાં સમર્પિત **શ્રી ગુરુપૂર્ણિમા મહોત્સવ - ૨૦૧૦**

॥ શ્રી સ્વામિનારાયણો વિજયતેતરામ્ ॥

# "હાર્દિક અભિનંદન" ચિંતન સામયિક સૌજન્ય

## શ્રી શાંતિભાઈ મગનભાઈ ગોળવિયા (વેળાવદર) સુરત
## હ. સુપુત્ર શ્રી રોહિતકુમાર શાંતિભાઈ ગોળવિયા - સુરત



:: સંસ્થાપક ::    :: અધ્યક્ષ ::

# શ્રી સ્વામિનારાયણ ચિંતન


વર્ષ :- ૬, અંક :- ૨, તા. ૨૦-૦૮-૧૦

:: પ્રયોજક ::
પૂ. સ.ગુ. સ્વામી શ્રી નિત્યસ્વરૂપદાસજી

:: પ્રકાશક ::
શ્રી સ્વામિનારાયણ સંપ્રદાયસ્ય શ્રી લક્ષ્મીનારાયણ દેવ પીઠસ્થાન સંસ્થાન - વડતાલ વતી
શ્રી સ્વામિનારાયણ મંદિર - સરધાર
તા.જી. રાજકોટ - ૩૬૦૦૨૫.

:: તંત્રી ::
સાધુ પતિતપાવનદાસજી

:: સંપાદક ::
સ્વામી આનંદસ્વરૂપદાસજી (વેદાંતાચાર્ય)


આંતરરાષ્ટ્રીય
## શ્રી સ્વામિનારાયણ મહામંત્ર મહોત્સવ

તા. ૨૩ થી ૩૧ ડીસેમ્બર - ૨૦૧૦

:: મહોત્સવ સ્થળ ::
શ્રી લક્ષ્મીવાડી - ગઢપુર, જી. ભાવનગર

**આયોજક :-** શ્રી સ્વામિનારાયણ સંપ્રદાયના વડતાલ શ્રી લક્ષ્મીનારાયણ દેવ પીઠાધિપતિ પ.પૂ. ધ.ધુ. ૧૦૦૮ શ્રી આચાર્ય શ્રી અજેન્દ્રપ્રસાદજી મહારાજશ્રીના રૂડા આશીર્વાદ સહ આજ્ઞાથી વડતાલ, જૂનાગઢ, ધોલેરા, ગઢપુર પ્રદેશ ધર્મકુળ આશ્રિત સત્સંગ સમાજ વતિ
શ્રી સ્વામિનારાયણ મંદિર (મુખ્ય) ગઢપુર. ફો.નં. (૦૨૮૪૭)૨૫૨૮૦૦/૯૦૦

## અનુક્રમણિકા


૧ સંબંધી શ્રીમહારાજના, સત્સંગનો શણગાર... ૦૪
૨ મને સાંભરે રે, કેમવીસરી જવાય... ૦૬
૩ સત્સંગનો સોનેરી સૂરજને આનંદની અમીવર્ષા... ૦૮
૭ પ.પૂ. લાલજી મહારાજશ્રીનું U.S.A. સત્સંગ પરિભ્રમણ -૨૦૧૦... - સંકલિત ૨૫
૪ ગઢપુર દર્શનાર્થે પધારતા અમદાવાદ પ.પૂ. આચાર્ય મહારાજશ્રી ૨૬
૫ શ્રી ગુરુપૂર્ણિમા મહોત્સવ, ૨૦૧૦ - વડતાલ ૨૮
૬ સત્સંગ સમાચાર - સ્વામી ઘનશ્યામદાસજી - રઘુવીરવાડી તથા સાધુ ધર્મવલ્લભદાસજી ૩૨
૭ શ્રી સ્વામિનારાયણ સત્સંગ શિબિર - સંકલિત ૩૪


**લેખન-સંકલન :** સાધુ અમૃતસ્વરૂપદાસ તથા પા. ખુશાલ ભગત
ગુરુ : પૂ. સ.ગુ. સ્વામી શ્રી નિત્યસ્વરૂપદાસજી - વડતાલ (હાલ-સરધાર)

સંપ્રદાયનો સર્વાંગી વિકાસ કરતું શ્રી સ્વામિનારાયણ મંદિર - સરધારનું રજિસ્ટર્ડ મુખપત્ર ઈ.સ. ૨૦૦૫ના જૂન માસથી પ્રારંભાયેલું, દર માસની ૨૦ તારીખે પ્રકાશિત થતું, આપના સમગ્ર કુટુંબ-પરિવારમાં આનંદ અને સંસ્કારની સૌરભ પ્રસરાવે અને જીવનનું અનેરું ઘડતર કરતું સામયિક.

:: લવાજમના દર ::

| | |
|---|---|
| બે વર્ષ | : રૂા. ૧૬૦/- |
| પંચવાર્ષિક | : રૂા. ૩૫૦/- |
| પચ્ચીસ વર્ષ | : રૂા. ૭૫૦/- |
| પરદેશમાં લવાજમ | : $ 200 U.S.A. |
| | : £ 100 U.K. |


:: લવાજમદર અંગે ગ્રાહક પત્ર વ્યવહાર ::
'ચિંતન કાર્યાલય'
શ્રી સ્વામિનારાયણ મંદિર - સરધાર
તા.જી. રાજકોટ - ૩૬૦૦૨૫. ફો.નં. ૦૨૮૧ - ૨૭૮૧૨૧૧
Visit us : www.sardhadham.org
www.swaminarayanvadtalgadi.org
E-mail : chintansardhar@yahoo.in
sardharmandir@gmail.com





શ્રી નરનારાયણ દેવ - કાલુપુર (અમદાવાદ)



પ.પૂ. ધ.ધુ. શ્રી આદિઆચાર્ય શ્રી અયોધ્યાપ્રસાદજી મહારાજ



પ.પૂ. ધ.ધુ. શ્રી આચાર્ય શ્રી કેશવપ્રસાદજી મહારાજ



પ.પૂ. ધ.ધુ. શ્રી આચાર્ય શ્રી પુરુષોત્તમપ્રસાદજી મહારાજ

# સંબંધી શ્રીમહારાજનાં, સત્સંગનો શણગાર...

'सत्यमेव जयते नानृतम् ।' - સત્ય જ જીતે છે, અસત્ય નહિ. (મુંડકોપનિષદ્ : ૩/૧/૫)

**દષ્ટિકોણ** જ્યાં અલગ આવી જાય ત્યાં **સત્ય** તો ઊભું રહે પણ **હકીકત** આખીને આખી જ બદલાઈ જાય. ભગવાન શ્રીરામચંદ્રજી દશરથના સંદર્ભમાં ભલે **'પુત્ર'** તરીકે જાહેર થયા હોય, પણ એજ ભગવાન શ્રીરામ; સીતાજીના સંદર્ભમાં **'પતિ'** જાહેર થાય, ભરતજીના સંદર્ભમાં **'ભાઈ'** જાહેર થાય, હનુમાનજીના સંદર્ભમાં **'સ્વામી'** જાહેર થાય અને રાવણના સંદર્ભમાં **'દુશ્મન'** જાહેર થાય સંબંધો બધા જ અલગ-અલગ અને છતાં એનાં સત્યને કોઈ પડકારી શકે નહીં.

વસ્તુ ભલેને દરેક વ્યક્તિ સમક્ષ એકજ વસ્તુ કે પદાર્થ લાવીને મૂકી દઈએ પણ દરેક વ્યક્તિ પોતપોતાની **રુચિ પ્રમાણે** જ એનું **દર્શન** કરીને એની સાથે એ રીતનો **વ્યવહાર** કરશે. છતાં પણ તે વસ્તુની **સત્યતા** નષ્ટ થતી નથી.

'ऋतस्य श्लोको बधिराततर्द कर्णा ।' - જે સચ્ચાઈ છે તેને આજે નહીં તો કાલે લોકો સ્વીકારશે જ. (ઋગ્વેદ)

ભગવાન શ્રી સ્વામિનારાયણે અનંત બદ્ધ જીવાત્માઓની આત્યંતિકી મુક્તિને અર્થે એક સર્વોત્તમ-અતિ શ્રેષ્ઠ આવિર્ભાવસ્વરૂપ સ્થાપ્યું. જે છે તેમની શુદ્ધ **'શ્રી આચાર્ય પરંપરા.'** ભગવાન શ્રીહરિ સ્થાપિત આ આચાર્ય પરંપરા એટલે **ભગવાન શ્રી સ્વામિનારાયણનું પવિત્ર કુળ** - 'ધર્મકુળ.'

આ **'આચાર્ય પરંપરા'** પર અનેકવિધ વિકટ સમયના વાયરાઓ વાઈ ગયા, કપરા સંજોગોના ઝંઝાવાતો ફૂંકાઈ ગયા, પરિસ્થિતિઓના પહાડોની હારમાળાઓ પસાર થવા છતાં પણ તેના **વટવૃક્ષ**ને ઉની આંચ આવી નથી. કારણ કે તેના **મૂળ** પાતાળ સુધી ઊંડા છે અને શાખાઓ આસમાન સુધી ફેલાયેલી છે.

ભગવાન શ્રીહરિએ સ્વમુખે **'પુરુષોત્તમપ્રકાશ'** ગ્રંથમાં કહ્યું છે :-

**'કાંજે એ છે ધર્મનું કુળ રે, માટે એ વાતનું ઉંડુ મૂળ રે; જેવું અમારું કુળ મનાશે રે, તેને તુલ્ય બીજું કેમથાશે રે.'** (પુરુષોત્તમપ્રકાશ : પ્ર-૩૯)

**'અયોધ્યાવાસી આવીયા, હરિપ્રસાદનો પરિવાર; સંબંધી શ્રીમહારાજના, સત્સંગનો શણગાર.'**

સ.ગુ. શ્રી નિષ્કુળાનંદ સ્વામી **'ભક્તચિંતામણી'** ગ્રંથના પ્રકરણ-૯૧માં જણાવે છે કે, ધર્મકુળ **આચાર્ય પરંપરા** એ ભગવાન શ્રી સ્વામિનારાયણનો જ **પરિવાર** છે. સંવત ૧૮૮૨ના કારતક સુદ - ૧૧ના દિવસે ભગવાન શ્રીહરિએ વડતાલમાં પોતાના સ્થાને **બે આચાર્યો** (અનુગામી)ની સ્થાપના કરી. દેશ-વિભાગ કરી, **શ્રી લક્ષ્મીનારાયણ દેવ ગાદીસ્થાન** અને **શ્રી નરનારાયણ દેવ ગાદીસ્થાન** આમબે ગાદી સ્થાપી. બંને ગાદી ઉપર પોતાના જ બંને ભાઈઓના



શ્રી લક્ષ્મીનારાયણ દેવ - વડતાલ



પ.પૂ. ધ.ધુ. શ્રી આદિઆચાર્ય શ્રી રઘુવીરજી મહારાજ



પ.પૂ. ધ.ધુ. શ્રી આચાર્ય શ્રી ભગવતપ્રસાદજી મહારાજ



પ.પૂ. ધ.ધુ. શ્રી આચાર્ય શ્રી વિહારીલાલજી મહારાજ


પ.પૂ. ધ.ધુ. શ્રી આચાર્ય શ્રી વાસુદેવપ્રસાદજી મહારાજ


પ.પૂ. ધ.ધુ. શ્રી આચાર્ય શ્રી દેવેન્દ્રપ્રસાદજી મહારાજ


પ.પૂ. ધ.ધુ. શ્રી આચાર્ય શ્રી તેજેન્દ્રપ્રસાદજી મહારાજ


પ.પૂ. ધ.ધુ. શ્રી વિદ્યમાન આચાર્ય શ્રી કૌશલેન્દ્રપ્રસાદજી મહારાજ


પ.પૂ. શ્રી લાલજી શ્રી વ્રજેન્દ્રપ્રસાદજી મહારાજ



બે પુત્રોને દત્તક લઈને ગાદી ઉપર આરુઢ કરીને પોતાના તમામ **અધિકારો** તેમને **સુપ્રત** કર્યા

ગાદી સ્થાપના પછીના માત્ર ચાર માસના ટૂંકાગાળામાં સંવત ૧૮૮૨ના ફાગણ વદી - ૨ના દિવસે **અમદાવાદ પ્રકરણ**ના ત્રીજા વચનામૃતમાં **શ્રીજીમહારાજ** કહે છે :-

“...અયોધ્યાવાસી બાઈભાઈ સર્વે જેવા અમારા ગમતામાં વર્તે છે તેવા તો પરમહંસ તથા સાંખ્યયોગીને કર્મયોગી સત્સંગી તે પણ અમારા ગમતામાં નથી વર્તતા. કેમજે **અયોધ્યાવાસીએ તો** અતિશય જ **સત્સંગપરાયણ** પોતાનું **જીવિતવ્ય** કર્યું છે. માટે **અયોધ્યાવાસીની પેઠે** ભગવાનને રાજી કરતાં કોઈને આવડતું નથી...”

દેશ-વિભાગ અને આચાર્યપદ સ્થાપન કર્યા પછીના લગભગ ત્રણેક માસ પછીના સમયમાં સંવત ૧૮૮૨ મહા સુદ - ૧ને દિવસે **વડતાલ પ્રકરણ**ના ૧૮માં **વચનામૃત**માં ભગવાન શ્રીહરિ **સ્વયં** આ સંપ્રદાયની ગુરુપરંપરા **‘અવશ્યપણે’** જાણવી જ જોઈએ તેવી **આજ્ઞા** કરે છે.

સંવત ૧૮૮૬ના ચૈત્ર વદી -૭ના રોજ શ્રીજીમહારાજ ગઢપુરમાં હતા અને આચાર્ય શ્રી રઘુવીરજી મહારાજ પાસે **વડતાલમાં શ્રી રણછોડરાયજી**ની **મૂર્તિ પ્રતિષ્ઠા** કરાવી. (વાંચો - શ્રીહરિલીલામૃત :૯/૧૩)

આમ, ભગવાન શ્રી સ્વામિનારાયણે પોતાની હયાતીમાં જ આચાર્યશ્રીનો મહિમા પોતે સમજી, પાળી અને પળાવ્યો હતો.

આમ, ‘संप्रदायो गुरुक्रमः’ - એ વૈદિક પરંપરા અનુસાર એક **ગુરુપરંપરા** સ્થાપીને ભગવાન શ્રીહરિએ એક **વૈદિક સંપ્રદાય**ની **આદર્શતા** પૂરી પાડી. પોતાનું મૌલિક વૈદિક તત્ત્વજ્ઞાન તથા સમગ્ર ઐશ્વર્ય પોતાના **બંને આચાર્યશ્રીઓ**માં પ્રસ્થાપિત કર્યું. અને એજ **વૈદિક તત્ત્વજ્ઞાન** તથા **અપ્રતિમ ઐશ્વર્ય**નો **ઉત્તમ વારસો** પોતાની બંને **આચાર્ય પરંપરા** દ્વારા વહેતો રહ્યો છે.

શ્રી લક્ષ્મીનારાયણ દેવ પીઠસ્થાનમાં વૃત્તાલયવિહારી શ્રી હરિકૃષ્ણ મહારાજના સાંનિધ્યમાં આદિઆચાર્ય શ્રી રઘુવીરજી મહારાજ, આચાર્ય શ્રી ભગવત્પ્રસાદજી મહારાજ, શ્રી આચાર્ય શ્રી વિહારીલાલજી મહારાજ, આચાર્ય શ્રી શ્રીપ્રતિપ્રસાદજી મહારાજ, આચાર્ય શ્રી આનંદપ્રસાદજી મહારાજ, આચાર્ય શ્રી નરેન્દ્રપ્રસાદજી મહારાજ, આચાર્ય શ્રી અજેન્દ્રપ્રસાદજી મહારાજ.

શ્રી નરનારાયણ દેવ પીઠસ્થાનમાં શ્રી નરનારાયણદેવના સાંનિધ્યમાં આદિઆચાર્ય શ્રી અયોધ્યાપ્રસાદજી મહારાજ, આચાર્ય શ્રી કેશવપ્રસાદજી મહારાજ, આચાર્ય શ્રી પુરુષોત્તમપ્રસાદજી મહારાજ, આચાર્ય શ્રી વાસુદેવપ્રસાદજી મહારાજ, આચાર્ય શ્રી દેવેન્દ્રપ્રસાદજી મહારાજ, આચાર્ય શ્રી તેજેન્દ્રપ્રસાદજી મહારાજ...,

અને હાલમાં અમદાવાદ દેશમાં પ.પૂ. સનાતન ધ.ધુ. ૧૦૦૮ શ્રી **વિદ્યમાન આચાર્ય શ્રી કૌશલેપ્રસાદજી મહારાજશ્રી** તથા પ.પૂ. ૧૦૮ શ્રી **ધર્મકુલદીપક મુગટમણિ** લાલજી **શ્રી વ્રજેન્દ્રપ્રસાદજી મહારાજશ્રી** એ પરંપરાને ઉજાળી રહ્યા છે.

હાલમાં વડતાલ દેશમાં પ.પૂ. સનાતન ધ.ધુ. ૧૦૦૮ શ્રી વિદ્યમાન આચાર્ય શ્રી અજેન્દ્રપ્રસાદજી મહારાજશ્રી, ભગવાન શ્રી સ્વામિનારાયણના એ દિવ્ય વૈદિક તત્ત્વજ્ઞાન તથા અપ્રતિમઐશ્વર્યની પરંપરાને ઉજાળી રહ્યા છે. તથા છેલ્લા ૨૫ વર્ષોથી સારોય સંપ્રદાય જેમને **વડતાલ દેશ**ના **ભાવિગુરુ** તરીકે નિહાળી રહ્યા છે તેવા **પ.પૂ. ૧૦૮ શ્રી ધર્મકુલ મુગટમણિ લાલજી શ્રી નૃગેન્દ્રપ્રસાદજી મહારાજશ્રી** શ્રી સ્વામિનારાયણીય સત્સંગની **સુવાસ**ને દિગંતમાં પ્રસરાવી રહ્યા છે. રાત્રિ-દિવસ કે ભૂખ-તરસ જોયા વિના **અવિરત પ્રયત્ન** કરી સેંકડો મુમુક્ષુ જીવાત્માઓને મોક્ષના માર્ગે ચડાવીને **અક્ષરધામના અધિકારી** બનાવ્યા છે. અસંખ્ય મંદિરોનો **જીર્ણોદ્ધાર** તેમજ **નવનિર્માણ** કરાવીને મૂર્તિપ્રતિષ્ઠાઓ કરી, અનેક **સત્શાસ્ત્રો**ના **પ્રકાશન** કરાવી, સાંપ્રદાયિક મૂળભૂત સિદ્ધાંતોના જતન માટે

અનુસંધાન પેજ - ૩૧ પર...

**આ ‘આચાર્ય પરંપરા’ પર અનેકવિધ વિકટ સમયના વાયરાઓ વાઈ ગયા, કપરા સંજોગોના ઝંઝાવાતો ફૂંકાઈ ગયા, પરિસ્થિતિઓના પહાડોની હારમાળાઓ પસાર થવા છતાં પણ તેના વટવૃક્ષને ઉની આંચ આવી નથી. કારણ કે તેના મૂળ પાતાળ સુધી ઊંડા છે અને શાખાઓ આસમાન સુધી ફેલાયેલી છે.**


પ.પૂ. ધ.ધુ. શ્રી આચાર્ય શ્રી શ્રીપ્રતિપ્રસાદજી મહારાજ


પ.પૂ. ધ.ધુ. શ્રી આચાર્ય શ્રી આનંદપ્રસાદજી મહારાજ


પ.પૂ. ધ.ધુ. શ્રી આચાર્ય શ્રી નરેન્દ્રપ્રસાદજી મહારાજ


પ.પૂ. ધ.ધુ. શ્રી વિદ્યમાન આચાર્ય શ્રી અજેન્દ્રપ્રસાદજી મહારાજ


પ.પૂ. શ્રી લાલજી શ્રી નૃગેન્દ્રપ્રસાદજી મહારાજ



અમદાવાદ પીઠાધિપતિ પ.પૂ ધ.ધુ. આચાર્ય શ્રી દેવેન્દ્રપ્રસાદજી મહારાજશ્રીના 'રજત જયંતિ મહોત્સવ' પ્રસંગે ઉપસ્થિત વડતાલ પીઠાધિપતિ પ.પૂ ધ.ધુ. આચાર્ય શ્રી નરેન્દ્રપ્રસાદજી મહારાજશ્રી તથા પ.પૂ. લાલજી શ્રી તેજેન્દ્રપ્રસાદજી મહારાજશ્રી.



વડતાલમાં પ.પૂ અ.નિ. આચાર્ય શ્રી નરેન્દ્રપ્રસાદજી મહારાજશ્રીના ત્રયોદશા પ્રસંગે પધારેલા પ.પૂ ધ.ધુ. આચાર્ય શ્રી તેજેન્દ્રપ્રસાદજી મહારાજશ્રી સાથે પ.પૂ ધ.ધુ. આચાર્યશ્રી શ્રી અજેન્દ્રપ્રસાદજી મહારાજશ્રી.



વડતાલમાં પ.પૂ. લાલજી શ્રી નરેન્દ્રપ્રસાદજી મહારાજશ્રીના લગ્નોત્સવ અને ભાવિઆચાર્યપદે નિયુક્તિ (તા. ૧૮-૬-૧૯૪૩) પ્રસંગે પધારેલા પ.પૂ. આચાર્ય શ્રી દેવેન્દ્રપ્રસાદજી મહારાજ (અમદાવાદ) સાથે પ.પૂ આચાર્ય શ્રી આનંદપ્રસાદજી મહારાજશ્રી.



પ.પૂ ધ.ધુ. આચાર્ય શ્રી તેજેન્દ્રપ્રસાદજી મહારાજશ્રીના આચાર્યત્વના સત્કાર સમારંભ પ્રસંગે ઉપસ્થિત પ.પૂ ધ.ધુ. આચાર્ય શ્રી નરેન્દ્રપ્રસાદજી મહારાજશ્રી.

# મને સાંભરે રે, કેમ વીસરી જવાય...

## સર્વાવતારી ભગવાન શ્રી સ્વામિનારાયણના અપરસ્વરૂપો વડતાલ શ્રી લક્ષ્મીનારાયણ દેવ પીઠાધિપતિના પ.પૂ. અમદાવાદ શ્રી નરનારાયણ દેવ પીઠાધિપતિ અને ધ.ધુ. આચાર્ય મહારાજશ્રીઓ એક મંચ પર....



પ.પૂ ધ.ધુ. આચાર્ય શ્રી દેવેન્દ્રપ્રસાદજી મહારાજશ્રી (અમદાવાદ) તથા પ.પૂ ધ.ધુ. આચાર્ય શ્રી આનંદપ્રસાદજી મહારાજશ્રી (વડતાલ) સાથે પ.પૂ. બાળલાલજી શ્રી અજેન્દ્રપ્રસાદજી મહારાજશ્રી.



# સત્સંગનો સોનેરી સૂરજ ને આનંદની અમીવર્ષા

**સર્વાવતારી ભગવાન શ્રી સ્વામિનારાયણ દ્વારા સ્થાપિત અમદાવાદ શ્રી નરનારાયણ દેવના દર્શનાર્થે પધારતા વડતાલ શ્રી લક્ષ્મીનારાયણ દેવ પીઠસ્થાનના પ.પૂ. ૧૦૮ શ્રી ધર્મકુલ મુગટમણિ લાલજી શ્રી નૃગેન્દ્રપ્રસાદજી મહારાજશ્રી તથા આગેવાન વડીલ સંતો-ભક્તો.**

**તા. ૨૭-૭-૨૦૧૦, મંગળવાર**

છેલ્લા કેટલાય વર્ષોથી **ધર્મકુળ આશ્રિત** સંતો તેમજ દેશ-વિદેશના હજારો આબાલવૃદ્ધ હરિભક્તો જે અવસરની **પ્રતીક્ષા** કરી રહ્યા હતા, તે આજના દિવસે સૂર્યનારાયણની પહેલી ટશર ફૂટે તે પહેલા જ એક અદ્‌ભુત **સોનેરી અવસર** બની ગયો. અને તે હતો અમદાવાદ **શ્રી નરનારાયણ દેવના દિવ્ય સાંનિધ્ય**માં અમદાવાદ શ્રી નરનારાયણ દેવ પીઠાધિપતિ **પ.પૂ. ધ.ધુ. ૧૦૦૮ શ્રી આચાર્ય શ્રી કૌશલેન્દ્રપ્રસાદજી મહારાજશ્રી** અને વડતાલ શ્રી લક્ષ્મીનારાયણ દેવ પીઠસ્થાનના **પ.પૂ. ૧૦૮ શ્રી ધર્મકુલ મુગટમણિ લાલજી શ્રી નૃગેન્દ્રપ્રસાદજી મહારાજશ્રી**નું એક પરમેશ્વર પ્રેરિત અવસરની જ પ્રતીક્ષા કરતું **ઐતિહાસિક** અદ્વિતીય **અદ્‌ભુત મિલન...!!!**

પ.પૂ. ૧૦૮ શ્રી ધર્મકુલ મુગટમણિ લાલજી શ્રી નૃગેન્દ્રપ્રસાદજી મહારાજશ્રીએ પોતાની **સાંપ્રદાયિક પ્રણાલિકા**ની તમામ **મર્યાદાઓ**ને શોભાવતા થકા પૂ. એસ.પી. સ્વામી, પૂ. કોઠારી સ્વામી - ગઢપુર, પૂ. શ્રી લક્ષ્મીપ્રસાદદાસજી સ્વામી - બગસરા, પૂ. શ્રી

નિત્યસ્વરૂપદાસજી સ્વામી - સરધાર, પૂ. પુરુષોત્તમચરણદાસજી સ્વામી - ઝૂંડાલ, પૂ. મંત્રી સ્વામી - વડતાલ, પૂ. પુરાણી સ્વામી - વરજાંગ જાળિયા, પૂ. વકિલ સ્વામી - વડતાલ આદિક **સંતો** તથા ગઢપુર અને જૂનાગઢ મંદિરના **ટ્રસ્ટીઓ** તેમજ આગેવાન **હરિભક્તો**ની સાથે સવારે ૯.૦૦ કલાકે ભગવાન શ્રીહરિ સ્થાપિત મહાપ્રતાપી **શ્રી નરનારાયણ દેવ**ના મંદિરમાં **દર્શનાર્થે** પ્રવેશ કર્યો.

અમદાવાદ મંદિરના મહંત પૂ. શ્રી હરિકૃષ્ણદાસજી સ્વામી, પૂ. પી.પી. સ્વામી (જેતલપુર), પૂ. શ્રી નિર્ગુણદાસજી સ્વામી (અસારવા), પૂ. શ્રી ગુરુપ્રસાદદાસજી સ્વામી (કાંકરીયા મહંતશ્રી), પૂ. પી.પી. સ્વામી (નાના), પૂ. પૂર્ણપ્રકાશ સ્વામી (ધોળકા મહંતશ્રી), પૂ. અખિલેશ્વરદાસજી સ્વામી આદિક **અમદાવાદ દેશ**ના વડીલ આગેવાન **સંતો** તેમજ **ટ્રસ્ટીઓ**એ પ.પૂ. લાલજી મહારાજશ્રીનું હૃદયના ઉમળકાભેર **પુષ્પહાર**થી ભવ્ય **સ્વાગતપૂજન** કરીને આવકાર્યા ત્યારે મંદિરના પટાંગણમાં પૂર્વસૂચન મુજબ ટૂંક સમયમાં એકત્રિત થયેલી વિશાળ જનમેદનીએ **'શ્રી નરનારાયણ દેવની જય'**, **'શ્રી લક્ષ્મીનારાયણ દેવની જય'**, **'શ્રી હરિકૃષ્ણ મહારાજની જય'** વગેરે **જયનાદો**થી મંદિરના સમગ્ર **વાતાવરણ**ને **આનંદોલ્લાસ**થી ભરી દીધું હતું.

પૂ. મહંત સ્વામી શ્રી હરિકૃષ્ણદાસજી સ્વયં પ.પૂ. લાલજી મહારાજશ્રીને ભગવાન શ્રીહરિ સ્થાપિત શ્રી નરનારાયણ દેવ આદિક દેવોના દર્શનાર્થે લઈ ગયા. **નિજમંદિર**ના **ગર્ભગૃહ**માં પ્રવેશ કરી પ.પૂ. લાલજી મહારાજશ્રીએ શ્રી નરનારાયણ દેવ, શ્રી રાધાકૃષ્ણ દેવ અને શ્રી ધર્મ-ભક્તિ-હરિકૃષ્ણ મહારાજના ભાવથી **દર્શન** કર્યા. ત્યારબાદ **શ્રી નરનારાયણ દેવ આદિક** દેવોને **સાષ્ટાંગ દંડવત** પ્રણામકરીને પ.પૂ. લાલજી મહારાજશ્રીએ **સમગ્ર સંપ્રદાય**ની **ક્ષેમકુશળતા**ની **યાચના** કરીને શ્રી નરનારાયણ દેવના **પ્રાસાદિક** જળનું પાન કર્યું. પૂજારીશ્રીએ દેવોના **પ્રાસાદિક ફૂલહાર**થી પ.પૂ. લાલજી મહારાજશ્રીનું **સ્વાગતપૂજન** કર્યું. ત્યારબાદ **અક્ષરભુવન**માં વિરાજમાન **શ્રી ઘનશ્યામમહારાજ**ના દર્શન કરી, **રંગમહોલ**માં પધાર્યા. ત્યાં **શ્રી ઘનશ્યામમહારાજ**ના ભાવથી **દર્શન** કર્યાં. પૂજારીશ્રીએ પ્રાસાદિક ફૂલહારથી પ.પૂ. લાલજી મહારાજશ્રીનું **સ્વાગતપૂજન** કર્યું.

દેવોના દર્શન કરી સભામંડપમાં હરિભક્તોને દર્શન આપીને પૂ. મહંત સ્વામી તથા સંતો સાથે પ.પૂ. લાલજી મહારાજશ્રી, પ.પૂ. આચાર્ય મહારાજશ્રીની **ઓફિસ**માં પધાર્યા. ઓફિસમાં **અમદાવાદ શ્રી નરનારાયણ દેવ પીઠાધિપતિ** પ.પૂ. ધ.ધુ. ૧૦૦૮ શ્રી **આચાર્ય શ્રી કૌશલેન્દ્રપ્રસાદજી મહારાજશ્રી**એ હૃદયના ઉમળકા સાથે અંતરથી પ.પૂ. લાલજી મહારાજશ્રીનું **પુષ્પહાર** પહેરાવી અને ચાદર ઓઢાડીને **સ્વાગતપૂજન** કર્યું ત્યારે સમગ્ર વાતાવરણ **જયજયનાદ**થી ગૂંજી ઊઠ્યું. પ.પૂ. આચાર્ય મહારાજશ્રી અને પ.પૂ. લાલજી મહારાજશ્રી હૃદયથી હૃદય મીલાવીને એકબીજાને પ્રેમભાવથી ભેટ્યા. આ દિવ્ય દર્શને તો સંતો-ભક્તોની આંખોને હર્ષના આંસુઓથી છલકાવી દીધી. વર્ષોથી જે દર્શનની **ઝંખના** હતી તે દિવ્ય દર્શન આજે થયાં. શ્રી નરનારાયણ દેવ પીઠસ્થાનના **સપ્તમઆચાર્યશ્રી** તથા શ્રી લક્ષ્મીનારાયણ દેવ પીઠસ્થાનના **નવમા ભાવિગુરુ**નું અદ્‌ભુત !, અદ્વિતીય !, અકલ્પ્ય !, **અભૂતપૂર્વ ! મિલન**ની આ **અણમોલ ઘડી**ને ક્ષણભર તો દર્શનાર્થી સંતો-ભક્તો આંખનું મટકું માર્યા વગર માણી જ રહ્યાં...!!! ક્ષણવાર તો આંખો મટકું મારવું જ ભૂલી ગઈ. **'શ્રી નરનારાયણ દેવની જય'**, **'શ્રી લક્ષ્મીનારાયણ દેવની જય'** આવા **જયઘોષ**થી કાલુપુર મંદિર ગૂંજી ઊઠ્યું. પ.પૂ. આચાર્ય મહારાજશ્રી તથા પ.પૂ. લાલજી મહારાજશ્રી એકબીજાને પ્રેમથી ભેટીને શ્રીજીમહારાજના બંને **અપર સ્વરૂપો**એ પોતાની **હૃદયની આત્મીયતા**ના સૌને દર્શન કરાવ્યા. ત્યાર પછી એકબીજાનો **આત્મીયતા**નો **સેતુ** દૃઢ કર્યો ને એકબીજાના વિચારોની આપ-લે કરી. ત્યારબાદ ફરીવાર બંને અપરસ્વરૂપો ભેટીને પ.પૂ. ધ.ધુ. આચાર્ય શ્રી કૌશલેન્દ્રપ્રસાદજી મહારાજશ્રીએ પ.પૂ. લાલજી મહારાજશ્રીને **ભાવભીની વિદાય** આપી અને મંદિરના **સભામંડપના અંતિમભાગ સુધી** વળાવવા આવ્યા.

સર્વાવતારી ભગવાન શ્રી સ્વામિનારાયણના બંને અપર સ્વરૂપોના ઐતિહાસિક અદ્‌ભુત-દિવ્ય મિલનના આ સમાચાર પળવારમાં તો સારાય સંપ્રદાયમાં વાયુવેગે પ્રસરી ગયા. અને સારોય **ધર્મકુળ પરિવાર** તથા બંને દેશના **ધર્મકુળ આશ્રિત સત્સંગ સમાજમાં આનંદની અમીધારાઓ** વરસી રહી છે અને સત્સંગમાં **ભગવાન શ્રી સ્વામિનારાયણ પ્રત્યક્ષ બિરાજે છે** એવી આબાલવૃદ્ધ સહુ કોઈને સાક્ષાત્ અનુભૂતિ થઈ રહી છે...!!!





ભગવાન શ્રીહરિ સ્થાપિત અમદાવાદ શ્રી નરનારાયણ દેવના દર્શનાર્થે આગેવાન સંતો-ભક્તોની સાથે પધારતા વડતાલ શ્રી લક્ષ્મીનારાયણ દેવ પીઠસ્થાનના **પ.પૂ. ૧૦૮ શ્રી ધર્મકુલ મુગટમણિ લાલજી શ્રી નૃગેન્દ્રપ્રસાદજી મહારાજશ્રી.**

તા. ૨૭-૭-૨૦૧૦, મંગળવાર







(૧) અમદાવાદ મંદિરના પ્રથમશિખરમાં વિરાજમાન શ્રી રાધાકૃષ્ણ દેવના ભાવથી દર્શન કરતા **પ.પૂ. ૧૦૮ શ્રી ધર્મકુલ મુગટમણિ લાલજી શ્રી નૃગેન્દ્રપ્રસાદજી મહારાજશ્રી**

(૨) દ્વિતીય શિખરના ગર્ભગૃહમાં પધારી ભગવાન શ્રીહરિ સ્થાપિત અમદાવાદ શ્રી નરનારાયણ દેવના દર્શન કરતા **પ.પૂ. ૧૦૮ શ્રી ધર્મકુલ મુગટમણિ લાલજી શ્રી નૃગેન્દ્રપ્રસાદજી મહારાજશ્રી**

(૩) તૃતીય શિખરમાં વિરાજમાન શ્રી હરિકૃષ્ણ મહારાજ-શ્રી ધર્મ-ભક્તિના દર્શન કરતા **પ.પૂ. ૧૦૮ શ્રી ધર્મકુલ મુગટમણિ લાલજી શ્રી નૃગેન્દ્રપ્રસાદજી મહારાજશ્રી**









શ્રી નરનારાયણ દેવના **નિજમંદિરના ગર્ભગૃહમાં** પ્રવેશ કરી પ.પૂ. લાલજી મહારાજશ્રીએ ભાવથી **દર્શન** કર્યાં, તેમજ **શ્રી નરનારાયણ દેવ આદિક** દેવોને **સાષ્ટાંગ દંડવત** પ્રણામકરીને **સમગ્ર સંપ્રદાયની ક્ષેમકુશળતાની ચાચના** કરતા પ.પૂ. લાલજી મહારાજશ્રી. તેમજ









શ્રી નરનારાયણ દેવના **પ્રાસાદિક જળનું** પાન કરીને પ.પૂ. લાલજી મહારાજશ્રીનું પૂજારીશ્રી દ્વારા દેવોના **પ્રાસાદિક ફૂલહારથી સ્વાગતપૂજન.** પ.પૂ. લાલજી મહારાજશ્રીને શ્રી નરનારાયણ દેવના દર્શન કરાવતા પૂ. મહંત સ્વામી શ્રી હરિકૃષ્ણદાસજી.



શ્રી નરનારાયણ દેવ આદિક દેવોના ખૂબજ પ્રેમભાવથી દર્શન કરીને મંદિરની પ્રદક્ષિણા ફરતા પ.પૂ. લાલજી મહારાજશ્રી તેમજ સાથે પૂ. પી.પી. સ્વામી, પૂ. શ્રી ગુરુપ્રસાદદાસજી સ્વામી, પૂ. અખિલેશ્વરદાસજી સ્વામી - અમદાવાદ અને પૂ. એસ.પી. સ્વામી, પૂ. કોઠારી સ્વામી - ગઢપુર, પૂ. શ્રી લક્ષ્મીપ્રસાદદાસજી સ્વામી - બગસરા, પૂ. શ્રી નિત્યસ્વરૂપદાસજી સ્વામી - સરધાર, પૂ. મંત્રી સ્વામી - વડતાલ, પૂ. પુરાણી સ્વામી - વરજાંગ જાળિયા, પૂ. વકિલ સ્વામી - વડતાલ.







બાલસ્વરૂપ શ્રી ઘનશ્યામ મહારાજના દર્શન કરતા
પ.પૂ. લાલજી મહારાજશ્રી તેમજ પ.પૂ. લાલજી મહારાજશ્રીનું પુષ્પહારથી
સ્વાગત કરતા શ્રી ઘનશ્યામ મહારાજના પૂજારીશ્રી.









રંગમહોલમાં બિરાજમાન **શ્રી ઘનશ્યામ મહારાજ**ના દર્શન કરતા
પ.પૂ. લાલજી મહારાજશ્રી તેમજ પ.પૂ. લાલજી મહારાજશ્રીનું પુષ્પહારથી
સ્વાગત કરતા શ્રી ઘનશ્યામ મહારાજના પૂજારીશ્રી.







જિંદગીમાં આજ પહેલીવાર અમે મનભર મળ્યાં,
જે હતા બહુ દૂર એમને નજીદીકથી મળ્યાં;
બસ, હવે આંખો મીંચાઈ જાય તો પરવા નથી,
ઝંખના જેની હતી જોવાની એ અવસર મળ્યો.

આપ બંને અમારા છો એનો અમને ગર્વ છે,
આપનો મેળાપ અમારે મન સદાય ઉત્સવ છે;
આપ જો હોતા નથી તો શૂન્ય ભાસે છે બધું,
આપનું અસ્તિત્વ એજ આ સંપ્રદાયની શોભા છે.







અમદાવાદ શ્રી નરનારાયણ દેવ પીઠાધિપતિ પ.પૂ. ધ.ધુ. ૧૦૦૮ શ્રી આચાર્ય શ્રી કૌશલેન્દ્રપ્રસાદજી મહારાજશ્રી અને વડતાલ શ્રી લક્ષ્મીનારાયણ દેવ પીઠસ્થાનના
પ.પૂ. ૧૦૮ શ્રી ધર્મકુલ મુગટમણિ લાલજી શ્રી નૃગેન્દ્રપ્રસાદજી મહારાજશ્રીનું અમદાવાદ શ્રી નરનારાયણ દેવના દિવ્ય સાંનિધ્યમાં ઐતિહાસિક અદ્વિતીય અદ્‌ભુત મિલન...!!!
તા. ૨૭-૭-૨૦૧૦, મંગળવાર



અમે એમાં એ છે અમમાંઈ રે, એમ સમજો સહુ બાઈભાઈ રે;
એથી અમે અળગાં ન રૈ’યે રે, એમાં રહિને દર્શન દૈયે રે.







અમદાવાદ શ્રી નરનારાયણ દેવ પીઠાધિપતિ પ.પૂ. ધ.ધુ. ૧૦૦૮ શ્રી આચાર્ય શ્રી કૌશલેન્દ્રપ્રસાદજી મહારાજશ્રી અને વડતાલ શ્રી લક્ષ્મીનારાયણ દેવ પીઠસ્થાનના
પ.પૂ. ૧૦૮ શ્રી ધર્મકુલ મુગટમણિ લાલજી શ્રી નૃગેન્દ્રપ્રસાદજી મહારાજશ્રીનું અમદાવાદ શ્રી નરનારાયણ દેવના દિવ્ય સાંનિધ્યમાં ઐતિહાસિક અદ્વિતીય અદ્‌ભુત મિલન...!!!
તા. ૨૭-૭-૨૦૧૦, મંગળવાર







સર્વાવતારી **ભગવાન શ્રીહરિ** દ્વારા અમદાવાદ શ્રી નરનારાયણ દેવના દર્શન કરીને વડતાલ પધારી આનંદોત્સવ કરતા **પ.પૂ. ૧૦૮**



શ્રી ધર્મકુલ મુગટમણિ લાલજી શ્રી નૃગેન્દ્રપ્રસાદજી મહારાજશ્રી તથા પ.પૂ. નાનાલાલજી મહારાજશ્રી તથા સંતો-ભક્તો.





અમદાવાદ શ્રી નરનારાયણ દેવ પીઠાધિપતિ પ.પૂ. ધ.ધુ. આચાર્ય મહારાજશ્રી તથા વડતાલ શ્રી લક્ષ્મીનારાયણ દેવ પીઠસ્થાનના પ.પૂ. લાલજી મહારાજશ્રીની આત્મીય મુલાકાતનું સંકલન કરનાર અને આ ગંઠબંધનને કડીરૂપે જોડનાર પૂ. એસ.પી. સ્વામીને રાજીપારૂપે આશીર્વાદ આપતા પ.પૂ. આચાર્ય મહારાજશ્રી તથા પ.પૂ. લાલજી મહારાજશ્રી.

॥ શ્રી સ્વામિનારાયણો વિજયતેતરામ્ ॥

# વડતાલ દેશ શ્રી લક્ષ્મીનારાયણદેવ ગાદીના પ.પૂ. ૧૦૮ શ્રી ધર્મકુલ મુગટમણિ લાલજી શ્રી નૃગેન્દ્રપ્રસાદજી મહારાજશ્રીનું

# USA સત્સંગ પરિભ્રમણ-૨૦૧૦



શ્રી હરિકૃષ્ણ મહારાજ-વડતાલ

## Date :- July 30th to August 17th

આચાર્યવર્યશ્રી અજેન્દ્રપ્રસાદ રાજે, તેમના સુપુત્ર શ્રી નૃગેન્દ્રપ્રસાદ આજે; નાની વયે સરળ ગંભીરને સમર્થ, અંગે અતિ ધગશ ધર્મ પ્રચાર અર્થ.
પિતાશ્રીના પરમપ્રિય કૃપા સુપાત્ર, છે જન્મસિદ્ધ સહ સદ્‌ગુણ શાસ્ત્ર માત્ર; ગાદિપતિ ભવિષ્ય વડતાલમાંહી પોતે, પિતા સમાન ગુણવાન જણાય જોતે.



H. H. 1008 Shree Acharya Shree Ajendraprasadji Maharaj - Vadtal Gadi

વ્હાલા ભક્તજનો ! સર્વાવતારી, સર્વોપરી ઈષ્ટદેવ અક્ષરાધિપતિ પૂર્ણ પુરુષોત્તમ ભગવાન શ્રી સ્વામિનારાયણની પૂર્ણકૃપાથી તેમજ દક્ષિણ વિભાગ વડતાલ દેશ પીઠાધિપતિ પ.પૂ. સનાતન ધ.ધુ. ૧૦૦૮ શ્રી વિધમાન આચાર્ય શ્રી અજેન્દ્રપ્રસાદજી મહારાજશ્રીના રૂડા આશીર્વાદ સહ આજ્ઞાથી વિશ્વશાંતિ અને ભગવાન શ્રીહરિની પ્રસન્નતાર્થે આંતરરાષ્ટ્રીય 'શ્રી સ્વામિનારાયણ મહામંત્ર મહોત્સવ - ૨૦૧૦' વર્ષમાં વિદેશમાં વસતા હરિભક્તોના આમંત્રણને માન આપી, સત્સંગ વૃદ્ધિ, વિકાસ, સદ્ધર્મ અને શ્રીજીમહારાજ સ્થાપિત સિદ્ધાંતોનું પોષણ અને બળ આપવા માટે અમેરિકાની ધરતી પર પ.પૂ. ૧૦૮ ધર્મકુલ મુગટમણિ લાલજી શ્રી નૃગેન્દ્રપ્રસાદજી મહારાજશ્રી સંતમંડળ સહિત July 30th to August 17th 2010 સુધી સત્સંગ પ્રચારાર્થે પધારી રહ્યા છે. તો આપ સર્વે ભક્તજનોને આ સત્સંગનો દિવ્ય લાભ પ્રાપ્ત કરવા સહકુટુંબ-મિત્રમંડળ પરિવાર સહિત પધારવા અમારું સ્નેહભર્યું નિમંત્રણ છે તો અવશ્ય પધારી કૃતકૃત્ય બનશો-બનાવશોજી.

લી. ધર્મકુળ આશ્રિત શ્રી સ્વામિનારાયણ આજ્ઞા-ઉપાસના સત્સંગ મંડળ - યુ.એસ.એ

Dear Devotees,

With the divine blessings of Almighty **Lord Shree Swaminarayan** and the aagna of **H.H. 1008 Shree Acharya Shree Ajendraprasadji Maharaj, H.H. 108 Dharmakul Mugatmani Shree Nrigendraprasadji Maharaj** will be making his Satsang Vicharan to the United States accompanied by holy Saints. His trip will be centered on spiritual guidance for obtaining salvation and world peace. We cordially invite you all to take part in this auspicious Satsang sabha.

**For More Information Please Contact**

## 732-930-1008

**For More Information & Live broadcast Please Visit**

## www.swaminarayanvadtalgadi.org



### પ.પૂ. ૧૦૮ શ્રી ધર્મકુલ મુગટમણિ લાલજી શ્રી નૃગેન્દ્રપ્રસાદજી મહારાજશ્રીના દિવ્ય સાંનિધ્યમાં ન્યૂજર્સીને આંગણે

# દિવ્ય સત્સંગ શિબિર - ૨૦૧૦

## New Jersey - August 13th to August 15th 2010

**:: Satsang Shibir Schedule ::**

| Friday (August 13th) | Saturday (August 14th) | Sunday (August 15th) |
| --- | --- | --- |
| 4:30 PM to 7:30 PM | 9:00 AM to 12:00 PM, 4:00 PM to 7:30 PM | 9:00 AM to 12:00 PM 4:00 PM to 7:30 PM |

**Note :-** Maha Prasad will be served thereafter

## Place : Ukrainian Convention Center,

135, Davidson Avenue, Somerset, NJ 08873-1358

**Contact Person :- Ghanshyambhai Patel** - (908) 232 4029, **Dhirubhai Patel** - (732) 259 3498, **Chandresh Patel** - (848) 459 3636, **Rakesh Patel** - (732) 208 3287

For More Information & Live broadcast Please Visit: **www.swaminarayanvadtalgadi.org**

Shri Swaminarayan Agnya Upasana Satsang Mandal
S. S. A. U. S. M. U.S.A.

**આયોજક :-** ધર્મકુળ આશ્રિત શ્રી સ્વામિનારાયણ આજ્ઞા-ઉપાસના સત્સંગ મંડળ - ન્યૂજર્સી





# ગઢપુરપતિ શ્રી ગોપીનાથજી મહારાજના દર્શનાર્થે પધારેલા...

## અમદાવાદ શ્રી નરનારાયણ દેવ પીઠાધિપતિ **પ.પૂ. ધ.ધુ. ૧૦૦૮ શ્રી આચાર્ય શ્રી કૌશલેન્દ્રપ્રસાદજી મહારાજશ્રી** સાથે સંતો-ભક્તો.

સર્વાવતારી ભગવાન શ્રી સ્વામિનારાયણ જેને પોતાનું ઘર માનીને સં.૧૮૬૧ થી ૧૮૮૬ સુધી રહ્યા છે, નવખંડ ધરતીમાં આ ધામસર્વોપરિ છે, ત્યાંની ગલિ ગલિમાં જ નહિ, ધરતીના કણ કણમાં પરબ્રહ્મના સ્પંદનોની અલૌકિક અનુભૂતિનો અહેસાસ માત્ર સ્મરણ કરવાથી જ થાય છે; એવા ગઢપુરને તા. ૧૬-૭-૨૦૧૦ના રોજ અમદાવાદ શ્રી નરનારાયણ દેવ પીઠાધિપતિ **પ.પૂ. ધ.ધુ. ૧૦૦૮ શ્રી આચાર્ય શ્રી કૌશલેન્દ્રપ્રસાદજી મહારાજશ્રી** સંતો-હરિભક્તો સાથે ભગવાન શ્રીહરિ સ્થાપિત શ્રી ગોપીનાથજી મહારાજ આદિક દેવોના તેમજ પ્રાસાદિક દરબારગઢ આદિક સ્થાનોના દર્શનાર્થે પધાર્યા હતા. સૌપ્રથમશ્રી ગોપીનાથજી મહારાજ આદિક દેવોના દર્શન કરી, દરબારગઢ, લીંબવૃક્ષ નવનિર્માણ અક્ષરઓરડીના ખૂબજ ભાવપૂર્વક દર્શન કર્યા હતા. પૂ. એસ.પી. સ્વામી તથા પૂ. કોઠારી સ્વામી આદિક સંતો-ભક્તોએ પ.પૂ. આચાર્ય મહારાજશ્રીનું પ્રાસાદિક પુષ્પહારોથી સ્વાગતપૂજન કરી, પ્રેમભાવથી આવકારીને સાથે રહીને દરેક સ્થાનોના દર્શન કરાવ્યા હતા.








**શ્રી સ્વામિનારાયણ સંપ્રદાયના મુખ્ય ગાદીસ્થાન વડતાલ ખાતે શ્રદ્ધા અને ભાવપૂર્વક હરિભક્તો દ્વારા ઉજવવામાં આવેલ વડતાલ પીઠાધિપતિ પ.પૂ. ધ.ધુ. ૧૦૦૮ શ્રી આચાર્ય શ્રી અજેન્દ્રપ્રસાદજી મહારાજશ્રીના ચરણારવિંદમાં સમર્પિત**

# ભવ્ય ગુરુપૂર્ણિમા મહોત્સવ-૨૦૧૦



ગુરુ અને ગુરુસ્થાનનો મહિમા અનેરો છે. 'गुरुकृपा हि केवलम्, शिष्यस्य परं मंगलम्.' ગુરુની કૃપા થાય તો જ શિષ્યનું મંગલમય ભવિષ્ય થાય અને આખરે કલ્યાણ થાય. 'तस्मै श्री गुरुवे नमः' કહીને ગુરુપદચિહ્નના મહિમાગાનનો અવસર એટલે ગુરુપૂર્ણિમા. ભારતમાં પ્રાચીનકાળથી ગુરુપરંપરા ચાલી આવી છે, જેને આદર આપી ગુરુના ઋણને સ્વીકારવાનો સમય એટલે ગુરુપૂર્ણિમા. શિષ્યના જીવનમાં યોગ અને ક્ષેમનું વહન કરનારા વિરલ ગુરુદેવને કૃતજ્ઞતાપૂર્વક વંદના કરવાનું પર્વ એટલે ગુરુપૂર્ણિમા.

શ્રી સ્વામિનારાયણ સંપ્રદાયના સિદ્ધાંત પ્રમાણે શ્રીજીમહારાજે સ્થાપેલ બે દેશના આચાર્યપદનું માહાત્મ્ય અનેરું રહ્યું છે. સંપ્રદાયના સાચા ગુરુ તો પ.પૂ. આચાર્ય મહારાજશ્રી જ છે, તે ન્યાયે તા. ૨૫-૭-૨૦૧૦, અષાઢ સુદ - ૧૫ (ગુરુપૂર્ણિમા) ના રોજ વડતાલ પીઠાધિપતિ **પ.પૂ. ધ.ધુ. ૧૦૦૮ શ્રી આચાર્ય શ્રી અજેન્દ્રપ્રસાદજી મહારાજશ્રી તથા પ.પૂ. ૧૦૮ શ્રી ધર્મકુલ મુગટમણિ શ્રી નૃગેન્દ્રપ્રસાદજી મહારાજશ્રી**ની દિવ્ય નિશ્રામાં તેમના દર્શન-પૂજન કરવા આચાર્ય નિવાસ - રઘુવીરવાડી (વડતાલ) ખાતે ગુરુઋણમાંથી મુક્ત થવા અને કંઈક અંશે ગુરુઋણ અદા કરવા માટે હરિભક્તો દ્વારા **'ભવ્ય ગુરુપૂર્ણિમા મહોત્સવ'**નું આયોજન કરવામાં આવ્યું હતું.

તા. ૨૫-૭-૨૦૧૦ ના પ્રાતઃકાળથી મંદિરમાં સર્વોત્કર્ષપણે બિરાજમાન પરમગુરુ વડતાલવાસી **શ્રી હરિકૃષ્ણ મહારાજ**નું હૃદયના શુદ્ધભાવથી પૂજન-વંદન કરીને રઘુવીરવાડી ખાતે (મુકુટોત્સવ પૂનમના આગલે દિવસે પણ શાસ્ત્રોક્ત વિધિ મુજબ જ ગુરુપૂજન કરવા માટે હજારોની સંખ્યામાં દક્ષિણ વિભાગ દેશમાંથી સ્વયંભૂ ભક્તસમુદાય આવવા લાગ્યો હતો. બરાબર ૮.૩૦ કલાકે ગુરુપૂજન માટે હજારોની સંખ્યામાં પધારેલ હરિભક્તસમુદાય સભાના રૂપે ગોઠવાયા બાદ સભાસ્થાનમાં પ.પૂ. ૧૦૮ શ્રી ધર્મકુલ મુગટમણિ શ્રી નૃગેન્દ્રપ્રસાદજી મહારાજ તથા પ.પૂ. નાનાલાલજી શ્રી પૂષ્પેન્દ્રપ્રસાદજી મહારાજશ્રી પધાર્યા હતા. સૌપ્રથમસર્વ કોઈના ગુરુ એવા શ્રીહરિકૃષ્ણ મહારાજનું વેદોક્તવિધિ સાથે પૂજન બંને પ.પૂ. લાલજી મહારાજશ્રીએ કરીને આરતી ઉતારી હતી. ત્યારબાદ સંપ્રદાયના ગુરુપદ પર બિરાજમાન એવા વડતાલ પીઠાધિપતિ **પ.પૂ. ધ.ધુ. ૧૦૦૮ શ્રી આચાર્ય શ્રી અજેન્દ્રપ્રસાદજી મહારાજશ્રી**નું વેદોક્તવિધિ સાથે પૂજન બંને પ.પૂ. લાલજી મહારાજશ્રીએ કરીને આરતી ઉતારી હતી. સાથે વડીલ સંતો-ભક્તો પણ જોડાયા હતા. ત્યારપછી પૂ. એસ.પી. સ્વામી, પૂ. કોઠારી સ્વામી - ગઢપુર, પૂ. શ્રી નિત્યસ્વરૂપદાસજી સ્વામી - સરધાર, પૂ. શ્રી વિવેકસ્વરૂપદાસજી સ્વામી - બગસરા, પૂ. પુરાણી સ્વામી - વરજાંગ જાળિયા, પૂ. વકિલ સ્વામી - વડતાલ આદિક ધામોધામથી પધારેલા સંતોએ ગુરુમહિમા સમજાવી પ્રાસંગિક પ્રવચનો કર્યા હતા.

ત્યારબાદ બંને પ.પૂ. લાલજી મહારાજશ્રીએ દરેક ભક્તજનોને આજના પવિત્ર દિવસે શુભાશીર્વાદ આપ્યા હતા.

અંતે ગુરુપૂજનને માટે પધારેલ સર્વે સંતો-હરિભક્તોએ ભાવપૂર્વક હૃદયથી પુષ્પહાર, પુષ્પગુચ્છ, ચાદર વગેરે ઉપચારોથી શ્રીહરિકૃષ્ણ મહારાજ, પ.પૂ. ધ.ધુ. આચાર્ય મહારાજશ્રી અને બંને પ.પૂ. લાલજી મહારાજશ્રીનું પૂજન કર્યું હતું. સૌ કોઈને દર્શનાર્થીઓ માટે હરિભક્તો તરફથી મહાપ્રસાદનું પણ આયોજન કરવામાં આવ્યું હતું.





























શ્રી રઘુવીરવાડી-વડતાલ ખાતે હજારો ભક્તસમુદાયની ઉપસ્થિતિમાં યોજાયેલ પ.પૂ. ધ.ધુ. ૧૦૦૮ શ્રી આચાર્ય શ્રી અજેન્દ્રપ્રસાદજી મહારાજશ્રીના ચરણારવિંદમાં સમર્પિત **શ્રી ગુરુપૂર્ણિમા મહોત્સવ - ૨૦૧૦**

વડતાલ પીઠાધિપતિ **પ.પૂ. ધ.ધુ. ૧૦૦૮ શ્રી આચાર્ય શ્રી અજેન્દ્રપ્રસાદજી મહારાજશ્રી**ના રૂડા આશીર્વાદ સહ આજ્ઞાથી **શ્રી સ્વામિનારાયણ મંદિર - સરધાર** દ્વારા

# ભવ્યાતિ ભવ્ય નવનિર્માણ પામી રહેલા હરિમંદિરો

વડતાલ પીઠાધિપતિ **પ.પૂ. ધ.ધુ. ૧૦૦૮ શ્રી આચાર્ય શ્રી અજેન્દ્રપ્રસાદજી મહારાજશ્રી** તથા **પ.પૂ. ૧૦૮ શ્રી ધર્મકુલ મુગટમણિ લાલજી શ્રી નૃગેન્દ્રપ્રસાદજી મહારાજશ્રી**ના રૂડા આશીર્વાદ સહ આજ્ઞાથી **શ્રી સ્વામિનારાયણ મંદિર - સરધાર** દ્વારા અને **પૂ. સ.ગુ. સ્વામી શ્રી નિત્યસ્વરૂપદાસજી**ના શુભ માર્ગદર્શન મુજબ તથા આર્થિક સાથ-સહકાર સાથે ગામડાઓમાં ભવ્યાતિભવ્ય નવનિર્માણ પામતા **હરિમંદિરો**ની વિગત નીચે મુજબ છે.

| ક્રમ | ગામ | સરનામું |
|---|---|---|
| ૧. | ખુનવાડ | તા. શંખેડા, જી. વડોદરા |
| ૨. | ખેડાસા | તા. જંબુસર, જી. વડોદરા |
| ૩. | કાલોલ | તા. હાલોલ, જી. પંચમહાલ |
| ૪. | દેથલી | તા. માતર, જી. ખેડા |
| ૫. | નાંદોલી | તા. માતર, જી. ખેડા |
| ૬. | ડભોઉ | તા. સોજીત્રા, જી. આણંદ |
| ૭. | સોજીત્રા | તા. સોજીત્રા, જી. આણંદ |
| ૮. | વિજપડી | તા. સાવરકુંડલા, જી. અમરેલી |
| ૯. | જેજાદ | તા. સાવરકુંડલા, જી. અમરેલી |
| ૧૦. | જોલાપુર | તા. રાજુલા, જી. અમરેલી |
| ૧૧. | જીવાપર | તા. ખાંભા, જી. અમરેલી |
| ૧૨. | રાયડી | તા. ખાંભા, જી. અમરેલી |
| ૧૩. | શ્રીજીનગર | તા. ભેંસાણ, જી. જૂનાગઢ |
| ૧૪. | રાણપુર | તા. ભેંસાણ, જી. જૂનાગઢ |
| ૧૫. | બાદલપુર | તા. કુંકાવાવ,જી. અમરેલી |
| ૧૬. | ખાંભા | તા. વિસાવદર, જી. જૂનાગઢ |
| ૧૭. | ગુંદરણી | તા.મહુવા, જી. ભાવનગર |
| ૧૮. | અરજણસુખ | તા. કુંકાવાવ, જી. અમરેલી |
| ૧૯. | માલવણ | તા. જી. અમરેલી |
| ૨૦. | વેળાવદર | તા. ગારીયાધાર, જી. ભાવનગર |
| ૨૧. | મોરજ | તા. તારાપુર, જી. ખેડા |
| ૨૨. | થાણાગાલોલ | તા. જેતપુર, જી. રાજકોટ |
| ૨૩. | પાળજ | તા. પેટલાદ, જી. આણંદ |
| ૨૪. | ફાચરીયા | તા. ખાંભા જી. અમરેલી |

**વધુ વિગત માટે સંપર્ક :- 'શ્રી સ્વામિનારાયણ મંદિર' સરધાર, તા.જી. રાજકોટ.** ફો.નં. ૦૨૮૧ - ૨૭૮૧૨૧૧, મો. ૭૬૦૦૦૫૮૫૦૩, ૯૮૭૯૭૫૮૫૦૩.

અનુસંધાન પેજ ૭નું ચાલુ. સંઘર્ષ સામે **અડીખમ** રહી ધર્મની રક્ષા માટે તેમજ ભગવાન શ્રીહરિ સ્થાપિત **બંને દેશની ગાદી** તેમજ **સિદ્ધાંતો**ની રક્ષા કરવા સતત **પ્રયત્નશીલ** રહી સત્સંગને પોષણ મળે તે માટે સતત **કાર્યશીલ** રહ્યા છે.

વેદોના વચનોથી લઈ ભગવાન શ્રી સ્વામિનારાયણના વચનામૃતો તથા સંત-ભક્તકવિઓના કવનમાં જે ગુરુ-લક્ષણોની **દુહાઈ** દેવામાં આવી છે, અરે ! ભારતવર્ષના અનેક મૂર્ધન્ય આચાર્યો જેમના માટે **ગૌરવની લાગણી** અનુભવે છે, દેશ-વિદેશના અસંખ્ય લોકોએ જેમના દિવ્ય વ્યક્તિત્વને માણી માણીને જેમનામાં અનન્ય **સર્વોચ્ચ ગુરુ પ્રતિભા**ને નિહાળી છે એવા **વિભૂતિરૂપ ગુરુ**ની અણમોલ **અમૂલ્ય ભેટ** ભગવાન શ્રી સ્વામિનારાયણે આપણને આપી છે.

વડતાલ પીઠસ્થાન તથા અમદાવાદ પીઠસ્થાનના બંને વિદ્યમાન આચાર્ય મહારાજશ્રીઓના દર્શન કરતાં, તેઓશ્રીનું જીવન માણતાં આ વાત **તાદૃશ્ય** થાય છે. અને પ.પૂ. ૧૦૮ શ્રી ધર્મકુલ મુગટમણિ લાલજી શ્રી નૃગેન્દ્રપ્રસાદજી મહારાજશ્રીના દર્શન કરતા તો આ હકીકતનું સત્ય અચૂક જ ઉઘાડું થાય છે.

જેમણે દક્ષિણ વિભાગના ખાનદેશ, નિમાડ, સૌરાષ્ટ્ર, કાઠિયાવાડ, સોરઠ, ગોહિલવાડ, કાનમ, ચરોતર, પંચમહાલ વગેરે પ્રદેશોમાં છેલ્લા ૨૫ વર્ષ દરમ્યાન વારંવાર ૭૦૦૦ હજારથી વધારે વખત; અનેક ગામોમાં પ્રવાસ દ્વારા અનેક સત્સંગી હરિભક્તોને **સત્સંગ જનજાગૃતિ** અને **ધર્મોપદેશ**ને પ્રાધાન્ય આપી, દર્શન-સત્સંગ-અમૃતવાણીનો **લાભ** આપીને હજારો હરિભક્તોના હૃદયમાં **અવિચળ** સ્થાન મેળવ્યું છે. એવા પ.પૂ. લાલજી મહારાજશ્રીએ પોતાની **પિતૃપરંપરાની વારસાગત** રીતે તેમજ પોતાના **પ્રયત્ન**થી પણ **સવિશેષ;** શ્રીમદ્ ભાગવત, રામાયણ, ભગવદ્ગીતા, મહાભારત, વેદ અને ઉપનિષદ્ તથા શ્રી સત્સંગિજીવન, શિક્ષાપત્રી, વચનામૃત, શ્રીહરિલીલામૃત આદિક **સંપ્રદાયના શાસ્ત્રો**નું ઊંડાણપૂર્વક ગહન **વાંચન-અધ્યયન-ચિંતન** કરી, સંપ્રદાયમાં **સાક્ષર** ભાવિ**ગુરુ**ના મોભાને વિસ્તાર્યો છે.

આવા સમર્થ, ધર્મવાન, પવિત્ર, ગુણવાન ગુરુઓને પામી **સમસ્ત ઉત્તર-દક્ષિણ વિભાગ** શ્રી સ્વામિનારાયણ સત્સંગ સમાજ પોતાના હૃદયમાં ગૌરભ સભર આનંદની લાગણી સાથે ખૂબજ **ધન્યતા** અનુભવે છે.



# સત્સંગ સમાચાર પત્રિકા

સ્વામી ઘનશ્યામદાસજી તથા સ્વામી ધર્મવલ્લભદાસજી - રઘુવીરવાડી






વડતાલ પ્રદેશના ડભોઉ (તા. સોજીત્રા) ગામને આંગણે પ.પૂ. લાલજી મહારાજશ્રીના દિવ્ય સાંનિધ્યમાં અને પૂ. સ.ગુ. સ્વામી શ્રી નિત્યસ્વરૂપદાસજી - વડતાલ (હાલ-સરધાર)ના માર્ગદર્શન પ્રમાણે નૂતન શ્રી સ્વામિનારાયણ મંદિરનો 'ખાતમુહૂર્તવિધિ મહોત્સવ' તેમજ 'દિવ્ય સત્સંગ સભા'(તા. ૨૩-૭-૨૦૧૦)






વડતાલ પ્રદેશના પાળજ (તા. પેટલાદ) ગામને આંગણે પ.પૂ. લાલજી મહારાજશ્રીના દિવ્ય સાંનિધ્યમાં અને પૂ. સ.ગુ. સ્વામી શ્રી નિત્યસ્વરૂપદાસજી - વડતાલ (હાલ-સરધાર)ના માર્ગદર્શન પ્રમાણે નૂતન શ્રી સ્વામિનારાયણ મંદિરનો 'ખાતમુહૂર્તવિધિ મહોત્સવ' તેમજ 'દિવ્ય સત્સંગ સભા'(તા. ૨૩-૭-૨૦૧૦)




વડતાલ પ્રદેશના થાણાગાલોલ (તા. જેતપુર) ગામને આંગણે પ.પૂ. ધ.ધુ. આચાર્ય મહારાજશ્રીના રૂડા આશીર્વાદ સહ આજ્ઞાથી અને પૂ. સ.ગુ. સ્વામી શ્રી નિત્યસ્વરૂપદાસજી - વડતાલ (હાલ-સરધાર)ના માર્ગદર્શન પ્રમાણ નૂતન શ્રી સ્વામિનારાયણ મંદિરનો 'ખાતમુહૂર્તવિધિ મહોત્સવ' તેમજ 'દિવ્ય સત્સંગ સભા'(તા. ૨૬-૭-૨૦૧૦)

## આજે જ જુઓ અને તપાસો... આપનું લવાજમ ક્યારે પૂરું થાય છે ?

વ્હાલા ભક્તજનો ! 'શ્રી સ્વામિનારાયણ ચિંતન'ના દરેક અંકમાં સરનામાના લેબલ (મેઈલ બોક્સ) ઉપર આપનો ગ્રાહક નંબર અને આપનું લવાજમ પૂરું થવાના મહિના-વર્ષની માહિતી આપવામાં આવે છે. માટે આપના 'શ્રી સ્વામિનારાયણ ચિંતન'ના કવર પર સરનામાનું લેબલ હંમેશા તપાસતા રહો, અને લવાજમ પૂરું થાય તે પહેલાં જ આશરે ૪૦ દિવસ પહેલા આપના નજીકના વિસ્તારમાં 'ચિંતન' અંકના ગ્રાહક નોંધણી કરતા કાર્યકર પાસે આપનો ગ્રાહક નંબર આપીને લવાજમ ભરવું, જેથી 'શ્રી સ્વામિનારાયણ ચિંતન'નો એક પણ અંક ચૂકી ન જવાય. અને હા, દર વર્ષે લવાજમ ભરવાનું યાદ રાખવું પડે તે કરતાં પાંચ વર્ષનું અથવા આજીવન લવાજમ એકસાથે પણ ભરી શકાય છે.સરનામાના લેબલના નીચે આપેલા નમૂના પરથી આપ આપના અંકનું લેબલ તપાસતા રહો અને નવું લવાજમ ભરવાની પ્રક્રિયા સમયસર કરતા રહો...

મું. ડોંબીવલી (ઈ) ગ્રા. નં. 1
શ્રી સ્વામિનારાયણ મંદિર
રાજાજી રોડ, બેંક ઓફ ઈન્ડિયાની સામે,
રેલ્વે બ્રીજની બાજુમાં, ડોંબીવલી (ઈસ્ટ) - ૪૨૧૨૦૨
જી. થાણા - મુંબઈ. પોસ્ટીંગ તા. ૨૦-૭-૨૦૧૦
તમારું લવાજમ તા. 20/7/2010ના રોજ પૂરું થાય છે.

આ છે આપના અંકના લવાજમ સમાપ્તિની તારીખ

દર મહિનાના પહેલા રવિવારે સરધાર અને મહિનાના છેલ્લા શનિવારે રાજકોટમાં યોજાતી

## અભયદાન સત્સંગ સભા

| :: સરધાર :: | :: રાજકોટ :: |
|---|---|
| તા. ૫-૯-૧૦ | તા.૨૮-૮-૧૦ |
| રવિવાર | શનિવાર |
| સમય :- સવારે ૮ થી ૧ | સમય :- રાત્રે ૯ થી ૧૧ |

-: સંપર્ક :-

શ્રી સ્વા. મંદિર - સરધાર,
ફો.નં. ૦૨૮૧-૨૭૮૧૨૧૧, મો. ૯૮૭૯૭૫૮૫૦૩
શ્રી મહેન્દ્રભાઈ રાજકોટ-મો. ૯૪૨૬૨૨૯૫૫૮,
શ્રી કરશનભાઈ રાજકોટ-મો. ૯૪૨૬૭૮૧૧૭૯

॥ શ્રી સ્વામિનારાયણો વિજયતેતરામ્ ॥

# દિપાવલીના શુભ અવસર પર સંતો-ભક્તો સાથે અનેરો લ્હાવો

પ.પૂ. સનાતન ધ.ધુ. ૧૦૦૮ શ્રી આચાર્ય શ્રી અજેન્દ્રપ્રસાદજી મહારાજશ્રીના રૂડા આશીર્વાદ સહ આજ્ઞાથી વિશ્વશાંતિ અને ભગવાન શ્રીહરિની પ્રસન્નતાર્થે આગામી આંતરરાષ્ટ્રીય 'શ્રી સ્વામિનારાયણ મહામંત્ર મહોત્સવ'ના ઉપક્રમે

શ્રી સ્વામિનારાયણ મંદિર - સરધાર દ્વારા આયોજીત ઉત્તર-પૂર્વ ભારતની આઠમી





# શ્રી સ્વામિનારાયણ સ્પેશ્યલ ટ્રેનયાત્રા યુવાશિબિર



શ્રી નીલકંઠ વર્ણી

**પ્રયોજક :-** પૂ. સદ્. સ્વામી શ્રી નિત્યસ્વરૂપદાસજી - વડતાલ (હાલ-સરધાર)



પ.પૂ. ધ.ધુ. આચાર્ય મહારાજશ્રી

**-: તારીખ :-**

**૩-૧૧-૧૦, આસો વદ - ૧૩ થી**
**૧૬-૧૧-૧૦, કારતક સુદ - ૧૦**



પ.પૂ. લાલજી મહારાજશ્રી

**ટીકીટ દર :-** ૧૧,૫૦૦ **કુલ દિવસ :-** ૧૪

**ખાસનોંધ :-** આ ટ્રેનયાત્રામાં ફક્ત ૫૦ વર્ષ સુધીના (પુરુષ-સ્ત્રીભક્તો) લાભ લઈ શકશે. આ યાત્રા શિબિરમાં નિત્યપૂજાપાઠ તેમજ વ્યસનમુક્તિ ફરજીયાત કરવાની રહેશે. અને જે કોઈ પૂજાપાઠ ન કરતા હોય તેમણે પૂજા લેવાની રહેશે અને વ્યસન હોય તો તે મુકવાનું રહેશે.

**દર્શનીય પવિત્ર તીર્થસ્થળો :-** જગન્નાથપુરી, ભૂવનેશ્વર, સાક્ષીગોપાલ, કાશી(વારાણસી), પ્રયાગરાજ-અલ્હાબાદ, અયોધ્યા, છપૈયા, હરિદ્વાર, કનખલ, લક્ષ્મણઝુલા, ઋષિકેશ, મથુરા, વૃંદાવન, ગોકુળ, રમણરેતી, રાજકોટ

**બુકિંગ માટે સંપર્ક :-** **શ્રી સ્વા. મંદિર - સરધાર.** ફો.નં. ૦૨૮૧ - ૨૭૮૧૨૧૧, મો. ૯૮૭૯૭૫૮૫૦૩, ૯૪૨૮૮૯૦૨૧૧ (પૂ. પતિતપાવન સ્વામી). **શ્રી સ્વા. મંદિર - ડોંબીવલી.** ફો. ૦૨૫૧-૨૪૫૩૮૭૫, ૨૪૨૦૬૮૦. **શ્રી સ્વા. મંદિર - શ્રીજીનગર - સુરત.** મો. ૯૮૭૯૭૫૮૫૧૩. **ધર્મવલ્લભ સ્વામી - વડતાલ** મો. ૯૮૨૫૧ ૩૪૧૦૮.

**આયોજક :-** શ્રી સ્વામિનારાયણ મંદિર - સરધાર, તા.જી. રાજકોટ - ૩૬૦૦૨૫